# EDUCATION

Name & Signature of the Invigilator

..........................................................................

..........................................................................

**PAPER-III**

**AUG-17/13**

OMR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

(in figures as in Hall Ticket)

Roll Number in words : ..........................................

..........................................................................

**Time : 2½ Hours]** **No. of Printed Pages : 32** **[Maximum Marks : 150**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **Seventy Fifty (75)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) ● (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – III only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
10. Use only Blue/Black Ball point pen.
11. Use of any calculator or log table etc., is prohibited.
12. There shall be no negative marking.
13. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા પંચોતેર (૭૫) પ્રશ્નો આપેલા છે. બધાજ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરુઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવરપૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુકત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/પૃષ્ઠો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછી થી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં ઓવલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   ઉદાહરણ : (A) ● (C) (D) કે જયાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો ના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર–III લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અન્તિમ પૃષ્ઠ પર કરવું.
8. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિન્હકે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમ કે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
9. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષાખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
10. માત્ર કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
11. કેલ્કયુલેટર અને અન્ય ઈલેકટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
12. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
13. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

**EDUCATION**

**PAPER - III**

**શિક્ષણ**

**પેપર–III**

*Note* : This paper contains **Seventy Five (75)** multiple-choice questions, each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પંચોતેર (૭૫)** બહુવિકલ્પીય પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. For Tagore, the real education is that which :

   (A) Makes one's life harmonious with all

   (B) Inculcates regularity in habits and attitudes

   (C) Has intellectual and emotional predominance

   (D) Makes a realistic and pragmatic approach to life

1. ટાગોર માટે ખરું શિક્ષણ તે છે કે જે :

   (A) બધા પ્રત્યે વ્યક્તિના જીવનને સુસંવાદી બનાવે છે

   (B) ટેવો અને મનોવલણોમાં નિયમિતતા કેળવે છે

   (C) બૌદ્ધિક અને સાંવેગિક પ્રભુત્વ ધરાવે છે

   (D) જીવન પ્રત્યે વાસ્તવિક અને વ્યવહારુ અભિગમ લાવે છે

2. Material and physical universe is an incomplete expression of reality. It is the idea of :

   (A) Idealism

   (B) Buddhism

   (C) Jainism

   (D) Islam

2. ભૌતિક અને શારીરિક વિશ્વ વાસ્તકિતાની અપૂર્ણ અભિવ્યક્તિ છે. આ ........... નો વિચાર છે.

   (A) આદર્શવાદ

   (B) બૌદ્ધમત

   (C) જૈન મત

   (D) ઈસ્લામ

3. The Pancha Kosha theory of Education was elaborated by :

(A) Sri Aurobindo

(B) Swami Vivekananda

(C) Patanjali

(D) Mahatma Gandhi

3. શિક્ષણના પંચકોષ સિદ્ધાંતનું વિસ્તૃતીકરણ ......... એ કર્યુ.

(A) શ્રી અરવિંદ

(B) સ્વામી વિવેકાનંદ

(C) પતંજલિ

(D) મહાત્મા ગાંધી

4. In Logical Positivism, values are :

(A) Absolute

(B) Real

(C) Relative

(D) Fixed

4. તાર્કિક વસ્તુનિષ્ઠાવાદમાં, મૂલ્યો ......... છે.

(A) નિરપેક્ષ

(B) વાસ્તવિક

(C) સાપેક્ષ

(D) નિર્ધારિત

5. According to Swami Vivekananda, a teacher's success depends on ............

(A) Professional Training

(B) Renunciation of personal gain and social service

(C) Mastery of the subject matter

(D) Spirit of obedience

5. સ્વામી વિવેકાનંદ મુજબ શિક્ષકની સફળતાનો આધાર ......... છે.

(A) વ્યાવસાયિક તાલીમ

(B) વ્યક્તિગત સ્વાર્થનો ત્યાગ અને સામાજિક સેવા

(C) વિષયવસ્તુમાં પારંગતતા

(D) આજ્ઞાંકિતતાની ભાવના

6. During the ancient period religious writings was the sole privilege of :

(A) Brahmins

(B) Shudras

(C) Vaishyas

(D) Kshatriyas

7. Socialisation is a process by which the individual is adapted to his social environment acording to :

(A) John Dewey

(B) Maria Montessori

(C) Herbert Spencer

(D) James Drever

8. Individual must seek to utilize the social forces operative in the social life in order to develop the capacity of :

(A) Social attitude

(B) Social change

(C) Social adjustment

(D) Social behaviour

6. પ્રાચીન સમયમાં ધાર્મિક લખાણો માત્ર ......... નો અધિકાર હતો.

(A) બ્રાહ્મણો

(B) શુદ્રો

(C) વૈશ્યો

(D) ક્ષત્રિયો

7. સામાજિકીકરણ એવી પ્રક્રિયા છે જેના દ્વારા વ્યક્તિ તેના સામાજિક વાતાવરણને અનુકૂળ થાય છે તેવું ........ એ કહ્યું છે.

(A) જહોન ડ્યૂઈ

(B) મારિયા મોન્ટેસરી

(C) હર્બર્ટ સ્પેન્સર

(D) જેમ્સ ડ્રેવર

8. ......... ની ક્ષમતા વિકસાવવા વ્યક્તિએ સામાજિક જીવનમાં સક્રિય સામાજિક બળોનો ઉપયોગ શોધી કાઢવો જોઈએ.

(A) સામાજિક મનોવલણ

(B) સામાજિક પરિવર્તન

(C) સામાજિક સમાયોજન

(D) સામાજિક વર્તન

9. The skills and knowledge acquired in the classroom are actually utilized by the individual in his adjustment to :

(A) Social status

(B) Social behaviour

(C) Social situations

(D) Social culture

9. વર્ગખંડમાં પ્રાપ્ત કરેલાં કૌશલ્યો અને જ્ઞાન વ્યક્તિ દ્વારા પોતાના ........ પ્રત્યેના સમાયોજન માટે ખરેખર ઉપયોગમાં લેવાય છે.

(A) સામાજિક દરજ્જો

(B) સામાજિક વર્તન

(C) સામાજિક પરિસ્થિતિઓ

(D) સામાજિક સંસ્કૃતિ

10. Social change may be speeded up by :

(A) Industrialization

(B) Globalization

(C) Economy

(D) Education

10. સામાજિક પરિવર્તન ........ દ્વારા વેગમાન બને છે.

(A) ઔદ્યોગિકીકરણ

(B) વૈશ્વિકીકરણ

(C) અર્થવ્યવસ્થા

(D) શિક્ષણ

11. As the infant grows biologically, his/her mental ability :

(A) Decreases

(B) Increases

(C) Fluctuates

(D) Stagnates

11. શિશુ જેમ જૈવિક વિકાસ સાધે છે તેમ તેની માનસિક ક્ષમતા .......... છે.

(A) ઘટે

(B) વધે

(C) વધે–ઘટે

(D) અટકે

12. A well-adjusted adolescent has :

(A) Satisfied all his needs and wishes

(B) Withstood a great deal of frustration

(C) Demonstrated extrovert qualities always

(D) Acquired integrated composed behaviour

12. સુસમાયોજિત તરુણે :

(A) પોતાની બધી જરૂરિયાતો અને ઈચ્છાઓ સંતોષેલી હોય છે

(B) ખૂબ હતાશાનો સામનો કરેલો હોય છે

(C) હંમેશા બહિર્મુખી ગુણો પ્રદર્શિત કર્યા હોય છે

(D) સમન્વિત શાંત વર્તન પ્રાપ્ત કરેલું હોય છે

13. According to Berk (2010), children acquire languge skills in this order :

(A) Listening, Speaking, Writing and Reading

(B) Listening, Reading, Speaking and Writing

(C) Listening, Speaking, Reading and Writing

(D) Listening, Writing, Reading and Speaking

13. બર્ક (2010) મુજબ બાળકો ભાષાનાં કૌશલ્યો આ ક્રમમાં શીખે છે :

(A) શ્રવણ, કથન, લેખન અને વાચન

(B) શ્રવણ, વાચન, કથન અને લેખન

(C) શ્રવણ, કથન, વાચન અને લેખન

(D) શ્રવણ, લેખન, વાચન અને કથન

14. A student's 'self-image' becomes more stabilized during .................. age group.

(A) 7—8

(B) 9—10

(C) 11—13

(D) 14—17

15. Girls are more likely to experience anxiety about friendships than boys at the age of :

(A) Seven and eight years

(B) Nine and ten years

(C) Eleven, twelve and thirteen years

(D) Fourteen, fifteen, sixteen and seventeen years

16. Intelligence is expressed as a quotient and the formula is ..........

(A) MA/CA × 100

(B) 100 − MA

(C) MA × CA

(D) MA + CA

14. વિદ્યાર્થીનું આત્મબિંબ ......... વર્ષની ઉંમરના ગાળા દરમ્યાન વધુ સ્થિર થાય છે.

(A) 7—8

(B) 9—10

(C) 11—13

(D) 14—17

15. ......... ની ઉંમરે છોકરીઓ છોકરાઓ કરતાં સ્વાભાવિક રીતે મિત્રતા વિશે વધારે ચિંતા અનુભવે છે.

(A) સાત અને આઠ વર્ષ

(B) નવ અને દસ વર્ષ

(C) અગિયાર, બાર અને તેર વર્ષ

(D) ચૌદ, પંદર, સોળ અને સત્તર વર્ષ

16. બુદ્ધિ પ્રાપ્તાંકના સ્વરૂપે દર્શાવાય છે અને તેનું સૂત્ર .......... છે.

(A) MA/CA × 100

(B) 100 − MA

(C) MA × CA

(D) MA + CA

17. The stages of cognitive development are strictly related to age in the theory proposed by :

(A) Jerome Bruner

(B) Lev Vygotsky

(C) Jean Piaget

(D) Charles Spearman

17. ......... એ આપેલા સિદ્ધાંતમાં જ્ઞાનાત્મક વિકાસના તબકકાઓ ચુસ્ત રીતે ઉંમર સાથે જોડાયેલા છે.

(A) જેરોમી બ્રુનર

(B) લેવ વાયગોત્સ્કી

(C) જિન પિયાજે

(D) ચાર્લ્સ સ્પિયરમેન

18. Programned learning is based on the theory of :

(A) Trial and error

(B) Law of exercise

(C) Classical conditioning

(D) Operant conditioning

18. અભિક્રમિત અધ્યયન .......... ના સિદ્ધાંત ઉપર આધારિત છે.

(A) પ્રયત્ન અને ભૂલ

(B) મહાવરાનો નિયમ

(C) શાસ્ત્રીય અભિસંધાન

(D) કારક અભિસંધાન

19. In the Gagne's cumulative learning model, concept learning leads to :

(A) Problem solving

(B) Principle learning

(C) Abstract learning

(D) Discovery learning

19. ગેનેના સંગૃહિત અધ્યયન પ્રતિમાનમાં સંકલ્પનાનું અધ્યયન ........ બાજુ લઈ જાય છે.

(A) સમસ્યા ઉકેલ

(B) સિદ્ધાંત અધ્યયન

(C) અમૂર્ત અધ્યયન

(D) શોધ અધ્યયન

20. Revised Guilford's Structure of Intellect (SI) model has the following number of intellectual factors :

(A) 120

(B) 210

(C) 110

(D) 180

20. ગિલ્ફર્ડના સુધારેલા સ્ટ્રકચર ઓફ ઈન્ટલેકટ (SI) પ્રતિમાનમાં બુદ્ધિના પરિબળોની સંખ્યા ......... છે.

(A) 120

(B) 210

(C) 110

(D) 180

21. William Sheldon proposed the following theory of personality :

(A) Type theory

(B) Trait theory

(C) Psychoanalytical theory

(D) Self-actualization theory

21. વિલિયમ શેલ્ડને વ્યક્તિત્વનો ......... સિદ્ધાંત સૂચવ્યો.

(A) પ્રકાર સિદ્ધાંત

(B) લક્ષણ સિદ્ધાંત

(C) મનોવિશ્લેષણ સિદ્ધાંત

(D) આત્મ-પ્રાપ્તિ સિદ્ધાંત

22. A personality type which is known for easy going approach is :

(A) Type A

(B) Type R

(C) Type B

(D) Type S

22. શિથિલ અભિગમ તરીકે ઓળખાતો વ્યક્તિત્વનો પ્રકાર .......... છે.

(A) Type A

(B) Type R

(C) Type B

(D) Type S

23. Thematic Apperception Test (TAT) is designed by :

(A) Freud

(B) Rorschach

(C) Murray

(D) Cattell

23. થિમેટિક એપર્સેપ્શન ટેસ્ટ (TAT) ની રચના ............. દ્વારા કરાઈ છે.

(A) ફ્રોઈડ

(B) રોરશાક

(C) મુરે

(D) કેટલ

24. A process in which an individual attempts to maitnain equilibrium between physiological and psychological state is called as :

(A) Defence mechanism

(B) Mental health

(C) Adjustment

(D) Learning

24. શારીરિક અને મનોવૈજ્ઞાનિક હાલત વચ્ચે સમતોલન કરવાના વ્યક્તિના પ્રયત્નોની પ્રક્રિયાને .......... કહે છે.

(A) બચાવ પ્રયુક્તિ

(B) માનસિક સ્વાસ્થ્ય

(C) સમાયોજન

(D) અધ્યયન

25. Conflict between two positive goals is popularly known as :

(A) Avoidance-Approach conflict

(B) Approach-Approach conflict

(C) Approach-Avoidance conflict

(D) Avoidance-Avoidance conflict

25. બે હકારાત્મક ધ્યેયો વચ્ચેના સંઘર્ષ ......... તરીકે પ્રચલિત છે.

(A) અવગણના-અભિગમ સંઘર્ષ

(B) અભિગમ-અભિગમ સંઘર્ષ

(C) અભિગમ-અવગણના સંઘર્ષ

(D) અવગણના-અવગણના સંઘર્ષ

26. Which technique helps an individual to become aware of himself ?

(A) Guidance

(B) Prognosis

(C) Advising

(D) Counselling

26. કઈ પ્રયુક્તિ વ્યક્તિને પોતાના વિશે સભાન કરવામાં મદદરૂપ થાય છે?

(A) માર્ગદર્શન

(B) પ્રબોધન

(C) સલાહ

(D) પરામર્શ

27. A psychotherapeutic approach that focuses an individual to change is ............

(A) Non-directive therapy

(B) Preventive therapy

(C) Directive therapy

(D) Reality therapy

27. વ્યક્તિને પરિવર્તન પ્રત્યે કેન્દ્રિત કરતો મનોચિકિત્સાત્મક અભિગમ ......... છે.

(A) બિનદિશાસૂચક ચિકિત્સા

(B) નિવારક ચિકિત્સા

(C) દિશાસૂચક ચિકિત્સા

(D) વાસ્તવ ચિકિત્સા

28. An effective reinforcer will always :

(A) Increase the occurrence of a response

(B) Reduce the deviant behaviour

(C) Strengthens the stimulus

(D) Decrease the occurrence of a response

28. એક અસરકારક સુદૃઢક હંમેશા ........ .

(A) પ્રતિચારની સંભાવના વધારે છે

(B) વિચલિત વર્તનો ઘટાડે છે

(C) ઉદ્દીપકને મજબુત કરે છે

(D) પ્રતિચારની સંભાવના ઓછી કરે છે

29. Which of the following is *not* a subjective method of studying behaviour ?

(A) Introspection

(B) Observation

(C) Dream analysis

(D) Interview

30. A therapy in which advice or direction by a therapist is kept at a minimum level is known as :

(A) Directive counselling

(B) Eclectic counselling

(C) Non-directive counselling

(D) Permissive counselling

29. નીચેનામાંથી શું વર્તનના અભ્યાસની આત્મલક્ષી પદ્ધતિ નથી?

(A) આત્મનિરીક્ષણ

(B) અવલોકન

(C) સ્વપ્ન વિશ્લેષણ

(D) મુલાકાત

30. જેમાં ચિકિત્સક દ્વારા સલાહ સૂચન લઘુતમ સ્તરે રાખવામાં આવે છે તે ચિકિત્સા પદ્ધતિને .......... કહે છે.

(A) દિશાસૂચક પરામર્શ

(B) સારગ્રાહી પરામર્શ

(C) બિન–દિશાસૂચક પરામર્શ

(D) અનુમતિસૂચક પરામર્શ

31. A technique in which every element of the population has an equal chance of being represented on the sample is a ............

(A) Random sampling technique

(B) Stratified sampling technique

(C) Incidental sampling technique

(D) Purposive sampling technique

32. A process of creation of knowledge in research is based on ............... approach.

(A) Deductive

(B) Analysis

(C) Inductive

(D) Abstract

31. વ્યાપવિશ્વમાં થી દરેકને નમૂનામાં પ્રતિનિધિત્વ કરવાની સમાન તક હોય તેવી પ્રયુક્તિ ....... છે.

(A) યાદૃચ્છિક નમૂના પસંદગી પ્રયુક્તિ

(B) સ્તરીકૃત નમૂના પસંદગી પ્રયુક્તિ

(C) આનુષંગિક નમૂના પસંદગી પ્રયુક્તિ

(D) હેતુલક્ષી નમૂના પસંદગી પ્રયુક્તિ

32. સંશોધનમાં જ્ઞાન સર્જનની પ્રક્રિયા ......... અભિગમ ઉપર આધારિત છે.

(A) નિગનાત્મક

(B) વિશ્લેષણાત્મક

(C) આગમનાત્મક

(D) અમૂર્ત

33. Any prediction derived from the theory under test is called as :

(A) Substantive hypothesis

(B) Research hypothesis

(C) Null hypothesis

(D) Predictive hypothesis

33. પરીક્ષણ હેઠળના સિદ્ધાંતમાંથી તારવેલી આગાહી ......... કહેવાય છે.

(A) સંજ્ઞાત્મક ઉત્કલ્પના

(B) સંશોધન ઉત્કલ્પના

(C) શૂન્ય ઉત્કલ્પના

(D) આગાહીસૂચક ઉત્કલ્પના

34. A tool with a list of characteristics in which the respondent marks those that apply is called .............

(A) Observation schedule

(B) Interview schedule

(C) Questionnaire

(D) Check list

34. લક્ષણોની યાદીમાંથી લાગુ પડતા લક્ષણોને ઉત્તરદાતા જેમાં નિશાની લગાવે છે તે ઉપકરણને ......... કહેવામાં આવે છે.

(A) અવલોકન પત્રક

(B) મુલાકાત પત્રક

(C) પ્રશ્નાવલિ

(D) ઓળખયાદી

35. A tool designed to appraise what the individual can do is an .........

(A) achievement test

(B) attitude scale

(C) aptitude test

(D) intelligence test

35. વ્યક્તિ શું કરી શકે તે જાણવા રચાયેલું ઉપકરણ એટલે .......... .

(A) સિદ્ધિ કસોટી

(B) મનોવલણ માપદંડ

(C) અભિયોગ્યતા કસોટી

(D) બુદ્ધિ કસોટી

36. A study which attempts to describe and analyze 'what will be' or 'what will happen' under controlled conditions is a :

(A) Descriptive study

(B) Historical study

(C) Experimental study

(D) Causal comparative study

37. An intensive investigation of a special event or person to find the possible reasons for an observed incident is ..............

(A) a case study

(B) an experimental study

(C) a historical study

(D) an analytical study

36. એવો અભ્યાસ કે જે નિયંત્રિત પરિસ્થિતિમાં 'શું હશે' અથવા 'શું થશે' તેનું વર્ણન કે વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કરે તે ......... છે.

(A) વર્ણનાત્મક અભ્યાસ

(B) ઐતિહાસિક અભ્યાસ

(C) પ્રાયોગિક અભ્યાસ

(D) કારણ–તુલનાત્મક અભ્યાસ

37. અવલોકિત ઘટનાના સંભવિત કારણો શોધવા માટે કોઈ વિશિષ્ટ પ્રસંગ કે વ્યક્તિની સઘન તપાસ એટલે ............. .

(A) વ્યક્તિ અભ્યાસ

(B) પ્રાયોગિક અભ્યાસ

(C) ઐતિહાસિક અભ્યાસ

(D) વિશ્લેષણાત્મક અભ્યાસ

38. Nine year old children are taller than seven year old is an example of :

(A) Descriptive study

(B) Case study

(C) Cross-sectional study

(D) Experimental study

38. નવ વર્ષના બાળકો સાત વર્ષના બાળકો કરતાં વધુ ઉંચા હોય છે તે .......... નું ઉદાહરણ છે.

(A) વર્ણનાત્મક અભ્યાસ

(B) વ્યક્તિ અભ્યાસ

(C) આડછેદી અભ્યાસ

(D) પ્રાયોગિક અભ્યાસ

39. Direct personal interview constitute the following data :

(A) Primary data

(B) Secondary data

(C) Tertiary data

(D) Personal data

39. સીધી વ્યક્તિગત મુલાકાત નીચેની માહિતી ધરાવે છે :

(A) પ્રાથમિક માહિતી

(B) ગૌણ માહિતી

(C) તૃતીય માહિતી

(D) વ્યક્તિગત માહિતી

40. The method which is most relevant and widely used in collecting qualitative data is :

(A) Ethnographic method

(B) Experimental method

(C) Normative survey method

(D) Causal comparative methoid

40. ગુણાત્મક માહિતીના એકત્રીકરણ માટે વપરાતી સૌથી પ્રસ્તુત અને પ્રચલિત પદ્ધતિ એટલે ........... .

(A) નૃવંશશાસ્ત્રીય પદ્ધતિ

(B) પ્રાયોગિક પદ્ધતિ

(C) માનક સર્વેક્ષણ પદ્ધતિ

(D) કારણ–તુલનાત્મક પદ્ધતિ

41. Article 45 under the Directive Principle of state policy provides for ................

(A) Education for weaker sections

(B) Rights of minorities to run schools and colleges

(C) Free and compulsory elementary education

(D) Education of SC and ST students

41. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અંતર્ગત કલમ 45 ......... માટે રખાઈ છે.

(A) નબળા વર્ગો માટેનું શિક્ષણ

(B) લઘુમતિઓને શાળા અને કોલેજો ચલાવવાના અધિકાર

(C) મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ

(D) SC અને ST વિદ્યાર્થીઓનું શિક્ષણ

42. Education is included in ................. Constitutional list.

(A) Union list

(B) State list

(C) Residual list

(D) Concurrent list

42. શિક્ષણનો ............... બંધારણીય યાદીમાં સમાવેશ થાય છે.

(A) સંઘ યાદી

(B) રાજ્ય યાદી

(C) શેષ યાદી

(D) સંગામી યાદી

43. The universalization of eduction is a/an ........... policy.

(A) Capitalist

(B) Autocratic

(C) Socialist

(D) Communal

44. Major reason for urban children dropping out of school is :

(A) Non-availability of school

(B) Long distance of school from home

(C) Uninteresting classroom activities

(D) Participation in household encomic activity

45. No citizen shall be denied admission to educational institution on the grounds of religion, race, caste, language, etc. is stated in ............... article of Indian Constitution.

(A) 30

(B) 29 (*i*)

(C) 29 (*ii*)

(D) 31

43. શિક્ષણનું સાર્વત્રીકરણ ............... નીતિ છે.

(A) મુડીવાદી

(B) આપખુદવાદી

(C) સમાજવાદી

(D) સંપ્રદાયવાદી

44. શહેરી બાળકોનું શાળા છોડી જવાનું મુખ્ય કારણ ......... છે.

(A) શાળાની અપ્રાપ્યતા

(B) ઘરથી શાળાનું લાંબું અંતર

(C) નિરસ વર્ગખંડ પ્રવૃત્તિઓ

(D) ઘરેલુ આર્થિક પ્રવૃત્તિઓમાં સામેલગીરી

45. ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષા વગેરેના આધાર પર કોઈ નાગરિકને શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશની મનાઈ કરી ન શકાય તે ભારતીય બંધારણની .......... કલમમાં કહેવાયું છે.

(A) 30

(B) 29 (*i*)

(C) 29 (*ii*)

(D) 31

46. The process of carrying the related knowledge and experiences to students is guided by ........

(A) Text book

(B) Curriculum

(C) Teaching method

(D) Evaluation

46. વિદ્યાર્થીઓ સુધી સંબંધિત જ્ઞાન અને અનુભવો પહોંચાડવાની પ્રક્રિયા ........ દ્વારા માર્ગદર્શિત થાય છે.

(A) પાઠ્યપુસ્તક

(B) અભ્યાસક્રમ

(C) અધ્યાપન પદ્ધતિ

(D) મૂલ્યાંકન

47. Content-cum-methodology is an example of ............ curriculum.

(A) integrated

(B) isolated

(C) infused

(D) implicit

47. વિષયવસ્તુ યુક્ત પદ્ધતિશાસ્ત્ર એ .......... અભ્યાસક્રમનું ઉદાહરણ છે.

(A) સંકલિત

(B) પૃથક

(C) અંતર્વેશી

(D) અંતર્નિહિત

48. The Tyler model of curriculum is introduced in ............

(A) The principles of curriculum and Instruction

(B) The Models of Teaching

(C) Curriculum Development

(D) Curriculum Evaluation

48. અભ્યાસક્રમનું ટાઈલર મોડલ .......... માં પ્રસ્તુત થયું છે.

(A) The principles of curriculam and Instruction

(B) The Models of Teaching

(C) Curriculum Development

(D) Curriculum Evaluation

49. The curriculum suggested by Froebel for Kindergartens includes :

(A) Religion and religious instruction

(B) Lack of provision for language instruction

(C) Knowledge and skills for further education

(D) Public examination subjects

50. The term 'curriculum' is used in education to indicate the :

(A) Courses prescribed for an examination

(B) Contents of a broad subject selected for a particular class

(C) Sum total of all experiences provided for students

(D) Field covered by a particular thinker and contributor

49. બાલમંદિર માટે ફ્રોબેલે સૂચવેલા અભ્યાસક્રમમાં ......... નો સમાવેશ થાય છે.

(A) ધર્મ અને ધાર્મિક શિક્ષણ

(B) ભાષા શિક્ષણની જોગવાઈનો અભાવ

(C) આગળના અભ્યાસ માટે જ્ઞાન અને કૌશલ્યો

(D) જાહેર પરીક્ષાના વિષયો

50. શિક્ષણમાં 'અભ્યાસક્રમ' ......... સૂચવવા માટે ઉપયોગમાં લેવાય છે.

(A) પરીક્ષા માટે સૂચવાયેલા પાઠયક્રમો

(B) નિશ્ચિત ધોરણ માટે પસંદ કરાયેલા મોટા વિષયનું વિષયવસ્તુ

(C) વિદ્યાર્થીઓને અપાતા બધા અનુભવોનો કુલ સરવાળો

(D) કોઈક વિચારક કે પ્રદાતા દ્વારા આવરી લેવાયેલું ક્ષેત્ર

51. Which is *not* the objective of Human relationship from the followings ?

(A) Respect for humanity

(B) Occupational choice

(C) Cooperation

(D) Friendships

52. Approaches to cost-benefit analysis provide .........

(A) A balance between income and expenditure

(B) A practical understanding of programme costs and quantifiable value of programme outcomes

(C) The actual expenditure on a particular programme implementation

(D) An analysis of returns of the programme in quantitative terms

51. નીચેનામાંથી શું માનવ સંબંધોનો હેતુ નથી?

(A) માનવતા માટે આદર

(B) વ્યાવસાયિક પસંદગી

(C) સહકાર

(D) મિત્રતા

52. ખર્ચ–લાભ વિશ્લેષણના અભિગમો ............. પૂરું પાડે છે.

(A) આવક અને જાવક વચ્ચેની સમતુલા

(B) કાર્યક્રમના ખર્ચની અને કાર્યક્રમના માપી શકાય તેવા પરિણામોની વ્યવહારુ સમજ

(C) નિશ્ચિત કાર્યક્રમના અમલીકરણમાં થયેલો વાસ્તવિક ખર્ચ

(D) સંખ્યાત્મક સ્વરૂપમાં કાર્યક્રમના વળતરનું વિશ્લેષણ

53. The salient features of Fielder's Contigency Model is ...........

(A) Maximising Leader Performance

(B) Maximising Institutional Performance

(C) Maximising Individual Performance

(D) Maximising Group Performance

53. ફિલ્ડરના આનુષંગિક મોડલનું વિશિષ્ટ લક્ષણ .......... છે.

(A) મહત્તમ નેતૃત્વ કાર્ય

(B) મહત્તમ સંસ્થાકીય કાર્ય

(C) મહત્તમ વૈયક્તિક કાર્ય

(D) મહત્તમ જૂથ કાર્ય

54. Which of the following is *not* an approach to educational planning ?

(A) Social Justice

(B) Human Resource Development

(C) Social Demand

(D) Long-term Planning

54. નીચેનામાંથી કયો શૈક્ષણિક આયોજનનો અભિગમ નથી?

(A) સામાજિક ન્યાય

(B) માનવ સંસાધન વિકાસ

(C) સામાજિક માગ

(D) દીર્ઘકાલીન આયોજન

55. A major qualitative method in school organizational assessment and diagnosis is ............

(A) TQM (Total Quality Management)

(B) AAA (Academic and Administrative Audit)

(C) IQAC (Internal Quality Assurance Cell)

(D) SWOC (Strength, Weakeness Opportunities and Challanges)

55. શાળેય સંગઠનાત્મક પરીક્ષણ અને નિદાનમાં એક મુખ્ય ગુણાત્મક પદ્ધતિ ....... છે.

(A) TQM (સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન)

(B) AAA (શૈક્ષણિક અને વહીવટી તપાસો)

(C) IQAC (આંતરિક ગુણવત્તા બાંયેધરી કોષ)

(D) SWOC (ક્ષમતા, નબળાઈ, તકો અને પડકારો)

56. A wide awareness and knowledge about facts can be best tested through ...........

(A) True and false test

(B) Analogy type test

(C) Multiple choice test

(D) Subjective test

56. હકીકતો વિશેની વિશાળ જાગૃતિ અને જ્ઞાનનું ઉત્તમ પરીક્ષણ ........... દ્વારા થાય છે.

(A) ખરાં–ખોટાં કસોટી

(B) સાદૃશ્ય પ્રકાર કસોટી

(C) બહુવિકલ્પ પસંદગી કસોટી

(D) અત્મલક્ષી કસોટી

57. The number of observations of a variable that are free to vary is .......

(A) Level of significance

(B) Critical region

(C) Degree of freedom

(D) Standard error

57. વિચલિત થઈ શકે તેવા ચલના નિરીક્ષણોની સંખ્યા એટલે ............ .

(A) સાર્થકતાની કક્ષા

(B) નિર્ણાયક ક્ષેત્ર

(C) સ્વાતંત્ર્ય સંખ્યા

(D) પ્રમાણ ભૂલ

58. The difference between the value of a population parameter and that of the corresponding statistic is ......

(A) Diagnosis error

(B) Sampling error

(C) Interpretive error

(D) Standard error

58. વ્યાપવિશ્વના પ્રાચલ અને તેને અનુરૂપ અંકશાસ્ત્રના મૂલ્ય વચ્ચેનો તફાવત .......... કહેવાય છે.

(A) નિદાન ભૂલ

(B) નમૂના પસંદગી ભૂલ

(C) અર્થઘટનાત્મક ભૂલ

(D) પ્રમાણ ભૂલ

59. An item index that differentiates more able students from less able is ..........

(A) Variable index

(B) Difficulty index

(C) Discrimination index

(D) Criterion index

59. વધુ કાબેલથી ઓછા કાબેલ વિદ્યાર્થીઓને જુદા દર્શાવતાં કલમ–મૂલ્યને ........ કહે છે.

(A) ચલ મૂલ્ય

(B) કઠિનતા મૂલ્ય

(C) ભેદપરખક્ષમતા મૂલ્ય

(D) માપદંડ મૂલ્ય

60. Consistency of scroes obtained through a test by the same individual in two different situations is ............

(A) Usability

(B) Reliability

(C) Objectivity

(D) Validity

60. એક કસોટી દ્વારા બે વિભિન્ન પરિસ્થિતિઓમાં એક જ વ્યક્તિ દ્વારા મેળવાયેલા પ્રાપ્તાંકોના સાતત્યને ......... કહે છે.

(A) ઉપયોગિતા

(B) વિશ્વસનીયતા

(C) વસ્તુનિષ્ઠતા

(D) યથાર્થતા

61. An instructional system in which many aspects of the learning process are under the control of an individual learner who decides what and how to study is called ............

(A) Open learning

(B) Interactive learning

(C) Programmed learning

(D) Self learning

61. એવી શૈક્ષણિક વ્યવસ્થા કે જેમાં અધ્યયન પ્રક્રિયાના ઘણાં પાસા કોઈ એક અધ્યેતાના નિયંત્રણમાં હોય જે શું અને કેમ અભ્યાસ કરવો તે નક્કી કરે છે તેને ......... કહેવાય છે.

(A) મુક્ત અધ્યયન

(B) આંતરક્રિયાત્મક અધ્યયન

(C) અભિક્રમિક અધ્યયન

(D) સ્વ અધ્યયન

62. A composite presentation of text, graphics, voice, music and animation on computer is called ............

(A) Image presentation

(B) Multi-media presentation

(C) Multisensory learning

(D) Audio presentation

62. કમ્પ્યુટરમાં પાઠયસામગ્રી, ચિત્ર, અવાજ, સંગીત અને એનિમેશનની સમગ્ર રજૂઆતને .......... કહે છે.

(A) દૃશ્ય રજૂઆત

(B) બહુમાધ્યમી રજૂઆત

(C) બહુ ઈન્દ્રીય અધ્યયન

(D) શ્રાવ્ય રજૂઆત

63. ............. is the preferred mode of problem solving, thinking, learning that is employed by an individual.

(A) Learning by self

(B) Learning programme

(C) Learning style

(D) Learning individually

63. સમસ્યા ઉકેલ, વિચારણા અને અધ્યયનની અધિમાન્ય રીત .......... કહેવાય છે જે કોઈપણ વ્યક્તિ દ્વારા ખપમાં લેવાય છે.

(A) સ્વ દ્વારા અધ્યયન

(B) અધ્યયન કાર્યક્રમ

(C) અધ્યયન શૈલી

(D) વ્યક્તિગત અધ્યયન

64. The tailoring of instruction, teaching or learning to meet the needs of the individual learner is called ..........

(A) Directed instruction

(B) Individualized instruction

(C) Controlled instruction

(D) Self instruction

64. કોઈ એક અધ્યેતાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જરૂરિયાત આધારિત શિક્ષણ, અધ્યાપન કે અધ્યયનને .......... કહે છે.

(A) દિગ્દર્શિત શિક્ષણ

(B) વૈયક્તિક શિક્ષણ

(C) નિયંત્રિત શિક્ષણ

(D) સ્વ શિક્ષણ

65. In a programmed instruction the learner is sent back to repeat items which he has not yet mastered, is known as ...........

(A) Branched instructions

(B) Backward branching

(C) Linear backward

(D) Backward instructions

66. The problem in identifying the words and in reading is called as ..........

(A) Dyslexia

(B) Dyscalculia

(C) Dysgraphia

(D) Aphsia

67. Learning disability occurred in children due to only ...........

(A) Mental retardation

(B) Emotional disorder

(C) Environmental deprivation

(D) Basic psychological process disorders

65. અભિક્રમિત શિક્ષણમાં અધ્યેતાને આવડી ન હોય તેવી બાબતો માટે તેને પાછા મોકલવામાં આવે છે તેને .......... કહેવાય છે.

(A) પ્રશાખા શિક્ષણ

(B) પશ્ચાદવર્તી પ્રશાખા

(C) રૈખિક પશ્ચાદવર્તી

(D) પશ્ચાદવર્તી શિક્ષણ

66. શબ્દોની ઓળખ અને વાચનમાં સમસ્યાને .......... કહેવાય છે.

(A) ડિસ્લેક્સીઆ

(B) ડિસ્કેલ્કયુલીઆ

(C) ડિસ્ગ્રાફીઆ

(D) એપ્સીઆ

67. માત્ર .......... ને કારણે જ બાળકોમાં અધ્યયન વિકલાંગતા ઊભી થાય છે.

(A) મનોમંદતા

(B) સાંવેગિક વિકૃતિ

(C) પર્યાવરણીય અભાવ

(D) મૂળભૂત મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓની વિકૃતિ

68. Restless tapping of finger or foot, jumping out of a seat or skipping from one task to another before completing it by a learning disabled child is classified as ..........

(A) Hypoactive

(B) Explosive

(C) Hyperactive

(D) Impulsive

68. અધ્યયન વિકલાંગ બાળક દ્વારા અજંપાથી આંગળી કે પગ ઠપકારવા, બેઠા હોય ત્યાંથી કૂદી પડવું અથવા એક કાર્ય પૂર્ણ થાય તે પહેલાં બીજા કાર્ય તરફ સરકી જવું તે ......... તરીકે વર્ગીકૃત કરાય છે.

(A) હાઈપોએક્ટીવ

(B) એક્સપ્લોઝીવ

(C) હાઈપરએક્ટીવ

(D) ઈમ્પલ્સીવ

69. The programs of education for mainstreaming students with special educational needs is called ..........

(A) Special Education

(B) Inclusive Education

(C) Integrated Education

(D) Remedial Education

69. વિશિષ્ટ શિક્ષણની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓનું મુખ્ય ધારામાં જોડવા માટેના શૈક્ષણિક કાર્યક્રમોને ......... કહેવામાં આવે છે.

(A) વિશિષ્ટ શિક્ષણ

(B) સમાવેશી શિક્ષણ

(C) સંકલિત શિક્ષણ

(D) ઉપચારાત્મક શિક્ષણ

70. Children with 'defective revisualisation' are unable to .........

(A) Read content

(B) Copy the content

(C) Retrive the visual image from their memories

(D) Speak language

70. 'ક્ષતિયુક્ત પુનઃદૃષ્ટિક્ષેપ' વાળા બાળકો .......... માટે અક્ષમ હોય છે.

(A) વિષયવસ્તુના વાચન

(B) વિષયવસ્તુની નકલ

(C) તેમની સ્મૃતિમાંથી દૃશ્યોનો પુનઃ પ્રાપ્તિ

(D) ભાષા બોલવા

71. Developing teaching skills, scaled down teaching and feedback are the features of ...........

(A) Programmed instructions

(B) Microteaching

(C) Team teaching

(D) Cooperative teaching

72. Which is *not* the inservice teacher education agency ?

(A) UGC-HRDC

(B) GCERT

(C) NCERT

(D) CBSE

73. The current focus of inservice teacher education programmes is on developing ...........

(A) Emerging content

(B) Competencies and commitment

(C) Awareness about teacher code of conduct

(D) Subject knowledge

71. અધ્યાપન કૌશલ્યોનો વિકાસ, લઘુતમ અધ્યાપન અને પ્રતિપોષણ ........ ના લક્ષણો છે.

(A) અભિક્રમિત શિક્ષણ

(B) સૂક્ષ્મ અધ્યાપન

(C) જૂથ અધ્યાપન

(D) સહકારી અધ્યાપન

72. કઈ સંસ્થા સેવાકાલીન શિક્ષક શિક્ષણની સંસ્થા નથી?

(A) UGC-HRDC

(B) GCERT

(C) NCERT

(D) CBSE

73. સેવાકાલીન શિક્ષક શિક્ષણના કાર્યક્રમોનું વર્તમાન લક્ષ્ય ........ વિકસાવવાનું છે.

(A) વિકાસશીલ વિષયવસ્તુ

(B) ક્ષમતાઓ અને પ્રતિબદ્ધતા

(C) શિક્ષક આચાર સંહિતા વિશેની સભાનતા

(D) વિષયનું જ્ઞાન

74. To prepare question bank on a subject the following technique is used :

(A) Workshop

(B) Symposium

(C) Panel Discussion

(D) Seminar

75. Which is *not* the function of NCTE ?

(A) Laying down of norms and standards for teacher education Institutions

(B) Assessment and accreditation of T.E. Institutions

(C) Providing curriculum framework for T.E. programmes

(D) Recognition of T.E. Institutions

74. કોઈ વિષયમાં પ્રશ્ન સંચયિકાની રચના કરવા માટે નીચેની પ્રયુક્તિનો ઉપયોગ થાય છે :

(A) કાર્યશાળા

(B) પરિસંવાદ

(C) પેનલ ચર્ચા

(D) સંગોષ્ઠિ

75. કયું કાર્ય એન.સી.ટી.ઈ. નું નથી?

(A) શિક્ષક શિક્ષણની સંસ્થાઓ માટે માપદંડો અને ધોરણો નક્કી કરવા

(B) શિક્ષક શિક્ષણ સંસ્થાઓના આકારણી અને મૂલ્યાંકન

(C) શિક્ષક શિક્ષણ કાર્યક્રમો માટે અભ્યાસક્રમનું માળખું પૂરું પાડવું

(D) શિક્ષક શિક્ષણની સંસ્થાઓને માન્યતા આપવી

ROUGH WORK

SEAL